## પ્રાંતિજ આઈટીઆઈ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ આઈટીઆઈ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો જેમા ઉપ જેટલા રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ આઈટીઆઈ ખાતે આજે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો જેમા રક્ત દાતાઓ દ્વારા ઉપ થી પણ વધારે બોટલ રકતદાન કરવામા આવ્યુ હતુ જેમા કેશરપુરાના સરપંચ વિક્રમસિંહ ઝાલાએ પણ કેમ્પ મા બ્લડ ડોનેશન કરી ગામના યુવાનો તથા ગામજનો ને બ્લડ ડોનેશન કરવા પ્રોત્સાહિત કર્યા હતા તો ઈંગ્લીશ મેડીયમ સ્કુલ ના શિક્ષિકા જાગૃતિબેન પટેલ ને બેસ્ટ શિક્ષિકા તરીકે એવોર્ડ એનાયત કરી મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ના હસ્તે સન્માનિત કરવામા આવ્યા હતા આ પ્રસંગેપ્રાંતિજ-તલોદનાધારાસભ્ય મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, સંસ્થાના મંત્રી રઈશભાઈ કસ્બાતી આઈટીઆઈ ના આચાર્ય સ્ટાફ સહિત ઈંગ્લીશ સ્કુલના આચાર્ય તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસામાં આશાસ્પદ યુવકનો અગમ્ય કારણોસર આપઘાત

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક એવા ડીસામાં ગત મોડી રાત્રે સંતોષી માતાના મંદિર પાછળ રહેતા યુવાને અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર સાથે અરેરાટી મચી જવા પામી છે. આશાસ્પદ શ્રમજીવી પરિવારના યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દેતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે. મળતી માહિતી મુજબ ડીસાના સંતોષી માતાના મંદિર પાછળ રહેતા દિનેશભાઈ નાથાભાઈ બજાણીયા (ઉંમર વર્ષ ૩૦) એ ગત ગુરુવારની મોડી રાત્રે કોઈ અગમ્ય કારણોસર બેકરી કુવા વિસ્તાર નજીક આવેલા હનુમાન મંદિરના ચબુતરા પર દોરી બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. આ આત્મહત્યાની જાણ વાયુવેગે પ્રસરતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. બાદમાં સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ૧૦૮ વાનને જાણ?? કરતાં ૧૦૮ ના પાઈલોટ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી લાશને પોસ્ટમોર્ટમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ ઘટના અંગે તેના પરિવારના મોટા ભાઈ રાજુભાઈ નાથાભાઈ બજાણીયાએ ડીસા ઉત્તર પોલીસ મથકે જાણ કરી નોંધાવી હતી. મૃતક યુવાનના અપમૃત્યુના પગલે ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે.જેથી અરેરાટી છવાઈ છે. પોલીસે આ મામલે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડીસાના ગોગાડેરી નજીકથી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ

બનાસકાંઠા જિલ્લાના ડીસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બનાસકાંઠા એલસીબી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૫૯ બોટલો સાથે બે આરોપીને ઝડપી પાડ્યા છે. જેમને દારૂ ( ૮૪,૩૩૦ રૂપિયા) સાથે કુલ રૂ.૩,૯૦,૦૦૦ થી વધુનો મુદ્દામાલ પકડી પાડી ડીસા રૂરલ પોલીસ સ્ટેશને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બનાસકાંઠા એલસીબી પોલીસને ડીસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે એક સ્વિફ્ટ ગાડી (નંબર ય્ત્ર૧૨.ઝ૬.૫૫૮૯) માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી આવવાનો છે. જે બાતમીના આધારે ડીસાના ગોગાડેરી પાસે ગાડીને ઝડપી પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૫૯ બોટલ (કિંમત ૮૪,૩૩૦ રૂ.) ઝડપી પાડી હતી. તેમજ દારૂ અને ગાડી સહિત કુલ ૩,૯૦, ૩૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ઉપરાંત ગાડીના ચાલક વિરારામ સાલુંજી રબારી (રહે. બાદપુરા, સાંચોર, રાજસ્થાન) તથા મહેન્દ્રજી રાજપૂત (રહે. ધાખા તા. ધાનેરા) ને પકડી બંન્ને વિરૂદ્ધમાં પ્રોહિબીશન એક્ટ મુજબ ડીસા રૂરલ પોલીસ સ્ટેશને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## વિજાપુરના જાયન્ટસ્ ગ્રુપ દ્વારા વિદ્યાર્થીનીઓને સેનેટરી પેડનું કરાયું વિતરણ...

વિજાપુરના જાયન્ટસ્ ગ્રુપ દ્વારા સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાની બે માધ્યમિક હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓને આજે વિસ્તૃત સમજણ સાથે સેનેટરી પેડનુ વિતરણ કરાયુ હતુ. રાજ્ય સરકારની રાહબરી હેઠળ મહિલાઓ માટે જનજાગૃતિ વધારે મળી રહે તે માટે આરોગ્ય વિશે વિવિધ સેમીનારો યોજીને અંતરીયાળ વિસ્તારની મહિલાઓને માહીતીથી વાકેફ કર્યા હતા. જેમાં અંતરિયાળ અને સ્લમ વિસ્તારની દિકરીઓને માસિક ધર્મ દરમ્યાન થતી શારીરિક તકલીફોથી તેમજ ઈન્ફેકશનથી બચવા માટે અને પેડ અવેરનેસ માટે વિજાપુર શહેરના જાયન્ટસ ગ્રુપ દ્વારા ખેડબ્રહ્મા તાલુકાના નાકા ગામની શક્તિ વિદ્યાલય અને આંતરી ગામની વાલ્મિકી આશ્રમ શાળાની અંદાજીત ૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને નિઃશુલ્ક સેનેટરી પેડનુ વિતરણ કરાયુ હતુ. આ અંગે જાયન્ટસ ગ્રુપના પ્રોજેક્ટ મેનેજર કૃણાલબેન ઠાકર, સતીષ શાહ, યુવા ખેડબ્રહ્માના પ્રમુખ બ્રિજેશ બારોટ તથા અન્ય સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા તાલુકાના વોજીયા બેડા થી સુનોખ ગામ સુધી નેશનલ હાઈવે નંબર. ૮ ને જોડતા રસ્તાનું ખાતમુહૂર્ત કરાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વોજીયા બેડા થી સુનોખ ગામ સુધીના નેશનલ હાઈવે નંબર.૮ ને જોડતા રસ્તાનું આજ રોજ શુભ દિને ખાતમુહૂર્ત કરાયું હતું.વાહન ચાલકો અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.? ૮૭ લાખના ખર્ચે નવિન રસ્તો બનશે તેમ જણાવ્યું હતુ.ખાતમુહૂર્ત પ્રસંગે અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય નીલાબેન હસમુખભાઈ મડીયા,ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાન્તીભાઈ પટેલ,એન.કે.કલાસવા, ભવાનભાઈ ઠાકોર,અમૃતભાઈ નિનામા સહિત ભાજપના હોદ્દેદારો,કાર્યકરો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.રસ્તાના નવીનીકરણનું કામકાજ વહીવટી તંત્ર ધ્વારા હાથ ધરાયું છે.

## સાડા ત્રણ વર્ષની નાની બાળકી રહનુમા એ ૨૬મું રોજુ રાખ્યું

પવિત્ર રમજાન માસ ચાલી રહ્યો છે. અને એ પણ અલવિદા રમજાન તરફ પ્રયાણ કરી રહ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુરનો અહેવાલ જણાવે છે કે, આ સમયે દરેક મુસ્લિમ સમાજના અબાલ વૃધ્ધ સૌ કોઈ પવિત્ર રમજાન માસના રોજા ઉપવાસ રાખી કુરાન શરીફનું પઠન કરી નમાજ પઢી અને ખુદાની બંદગી કરે છે જ્યારે આ વખતે બેતાલીસ ડીગ્રીની કાળઝાળ ગરમીમાં પણ પવિત્ર રમજાન માસના રોજા નાના ભૂલકાથી લઈ લઈ વૃધ્ધો રોજા રાખી રહ્યા છે. પાલનપુરના સદ્દામ ભાઈ અબ્દુલ સત્તારભાઈની સાડાત્રણ વર્ષની દિકરી રહનુમા એ ૨૬મુ રોજુ રાખી વિશ્વ શાંતિ માટે ખુદા પાસે બંદગી કરી છે.

# ધનસુરા યુ.જી.વી.સી.એલ. સબડીવીઝન કચેરીને રાત્રે ખંભાતી તાળાં...!!!

### જાગૃત નાગરિકે ફોટા સાથે ટ્વિટ કરતાં તંત્રમાં તપાસનો કરંટ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

ધનસુરાની સહકારી જીનમાં કાર્યરત યુ.જી.વી.સી.એલ.ની સબડીવીઝન કચેરીને રાત્રે તાળાં વાગી જતાં હોય છે. જેથી સ્થાનિક જાગૃત નાગરિક દ્વારા સ્થળ ઉપર જઈ ફોટા સાથેની ફરિયાદ વિજ તંત્રના ઓફીસીયલ ટિવટર ઉપર

ફરિયાદ સાથે ટેગ કરવામાં આવતાં તંત્રમાં તપાસનો કરંટ શરુ થયો છે, કચેરીને તાળા ઉપરાંત કોઈ કર્મચારી હાજર રહેતા ન હોવાથી ગણા સમયથી ફરિયાદોને સમર્થન મળ્યા પછી યોગ્ય તપાસ થશે તો બેદરકાર અધિકારી-કર્મચારીઓ સામે પગલાં ભરાઈ શકે છે.

કાળઝાળ ઉનાળામાં વિજ વપરાશ વધ્યો છે. થોડા સમય માટે પણ વીજળી ગાયબ થાય ત્યારે પ્રજાજનો આકુળ વ્યાકુળ થતા હોય છે. ધનસુરાના બસ સ્ટેશન વિસ્તારમાં રાત્રિના સમયે વીજળી ગાયબ થવાની સમસ્યા વધતાં એક જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ કરવા માટે ટેલિફોન કચેરીમાં જોડવામાં આવ્યો પરંતુ કોઈ ઉપાડનાર ન હોવાથી જાગૃત નાગરિકે જાતે કચેરીની મુલાકાત લીધી હતી જ્યાં આશ્ચર્ય વચ્ચે સહકારી જીન ખાતેની યુ.જી.વી.સી.એલ. સબડીવીઝન કચેરીને તાળાં લાગેલાં જોતાં ચોંકી ઉઠયા. નજીકમાં કર્મચારીઓના વાહન પાર્ક કરેલાં હોવા છતાં કચેરી બંધ હાલતમાં હોવાથી ગંભીર બેદરકારી નજરે પડતાં બંધ કચેરીના ફોટા સાથે વિજ તંત્રના ટિવટર પેઈઝ ઉપર ટેગ કરવામાં આવતાં વિજ તંત્રને ઝાટકો લાગ્યો હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. ટિવટર ઉપર ફરિયાદ સાથે કચેરીને તાળાં વાગેલો ફોટો પોસ્ટ કરવામાં આવતાં તલોદ અને હિંમતનગરની વડી કચેરી દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. કચેરી દ્વારા ડી.ઈ. મેહુલ ચૌધરીનો ખુલાસો પૂછવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ધનસુરાના સ્થાનિક જાગૃત નાગરિક જીમીશ જાની દ્વારા ટિવટર ઉપર ફરિયાદ થયા પછી થયેલ તપાસના આદેશોમાં તથ્ય જણાશે તો બેદરકાર કર્મચારીઓ સામે ખાતાકીય પગલાં ભરાવાની સંભાવના છે. છેલ્લા ઘણા સમયથી સદર સબડીવીઝન કચેરીમાં રાત્રે લાઈન સ્ટાફ સહિતનો સ્ટાફ હાજર રહેતો ન હોવાની ફરિયાદો થઈ રહી છે ત્યારે હવે કચેરીના અધિકારીઓને ટિવટરથી કરંટ લાગ્યો હોય તેવી સ્થિતિમાં આવી ગયા છે.

# જૂના ઉંટરડા પ્રા.શાળામાં અભદ્ર ભાષાનો પ્રયોગ કરનાર શિક્ષક સસ્પેન્ડ

### માલપુર તાલુકાની સુરાતનપુરા પ્રા.શાળામાં ફરજ પર મૂકાયા : ખાતાકીય તપાસમાં અડચણ ઉભી ન થાય તે માટે શિક્ષણ વિભાગનો નિર્ણય

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૨૯

બાયડ તાલુકાની જૂનાઉંટરડા પ્રા.શાળામાં અભ્યાસ કરતી કન્યાઓ સામે અભદ્ર ભાષાનો પ્રયોગ કરી વિવાદ ઉભો કરનાર પ્રા.શિફાકને આખરે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સસ્પેન્ડ કરી માલપુર તાલુકાની સુરાતનપુરા પ્રા.શાળામાં ફરજ પર મૂકવામાં આવ્યાં છે. ખાતાકીય તપાસમાં અડચણ ઉભી ન થાય તે માટે તપાસ અહેવાલ પછી નિર્ણય લેવાયાનું સૂત્રોએ જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાની જનાઉંટરડા સરકારી પ્રા.શાળામાં ફરજ બજાવતા ઉ.શિક બિપીનભાઈ વિ. પટેલે ધો.-૭માં અભ્યાસ કરતી કન્યાઓ સમકા બિભત્સ ભાષાનો પ્રયોગ કર્યા પછી શિક્ષકના અભદ્ર ભાષા પ્રયોગની વિગતો વાલીઓ સુધી પહોંચતાં ગત તા.૧૯ના રોજ શાળામાં વાલીઓએ ધસી આવી હોબાળો મચાવતાં શિક્ષકને પોલીસ રક્ષણ સાથે સલામત રીતે લઈ જવાની નોબત આવી હતી.

જ્યારે અત્યંત હલકી કક્ષાના ભાષા પ્રયોગની ગંભીર નોંધ લેવાઈ હતી. ત્યારબાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને તપાસ માટે આદેશ કરવામાં આવ્યો હતો. જ્યાં મંદગતિની તપાસ પછી ગંભીર બનાવ હોવા છતાં એક સપ્તાહ પછી તપાસ રિપોર્ટ તૈયાર થયો હતો જેમાં ૩૦ કન્યાઓ સહિત વાલીઓ અને શિક્ષકોના નિવેદન નોંધી તપાસ અહેવાલ અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિને સાંપવામાં આવ્યો હતો. તપાસ અહેવાલ પછી અભદ્ર ભાષા પ્રયોગ કરનાર શિક્ષકને નોટિસ આપી ૩ દિવસમાં ખુલાસો આપવા જણાવ્યું હતું પરંતુ આચાર્ય મારફતે રજૂ કરેલા ખુલાસાં યોગ્ય ન હોવાનું જણાતાં શિક્ષકને અભદ્ર ભાષા પ્રયોગ બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી અન્ય તાલુકાની શાળામાં મૂકવામાં આવ્યા છે. ખાતાકીય તપાસ પછી શિક્ષક સામે વધુ કઠોર પગલાં ભરાઈ શકે છે.

**પ્રા. શિક્ષકને સસ્પેન્ડ કરાયા**

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શૈલેષભાઈ પટેલે જણાવ્યું કે જૂનાઉંટરડા પ્રા.શાળાના શિક્ષક સામેની તપાસ અહેવાલ અને શિલાકે રજૂ કરેલા જવાબ પછી તેમનો ખુલાસો ગ્રાહ્ય રાખ્યો નથી અને ઉ.શિક્ષક બિપીનભાઈ વિ.પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી માલપુર તાલુકાની સુરાતનપુરા પ્રા.શાળામાં ફરજ ઉપર મૂકવામાં આવ્યા છે.

# આઉટસોર્સિંગ નાબુદી અને કર્મચારી કરાર આધારીત કરીને પગાર વધારવા સંદર્ભે ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું

મોડાસા, તા. ૨૯

ભિલોડા મામલતદાર કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર ચેતનભાઈ પાંડોર સહિત કોમ્પ્યુટર ઓપરેટરોએ લેખિત આવેદનપત્રમાં જણાવ્યું હતુ કે , ગુજરાત રાજ્યમાં તમામ સરકારી કચેરીઓમાં આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓને સરકારના ધારા-ધોરણ મુજબ રૂ. ૧૧,૦૦૦/- થી રૂ. ૧૫,૦૦૦/- પગાર ચુકવવાનો થાય છે પરંતુ અત્રે ઉલ્લેખનિય છે કે, આઉટસોર્સિંગ એજન્સી દ્વારા કર્મચારીઓને રૂ. ૭૬૦૦/- પગાર ચુકવવામાં આવે છે તેમ છતાં કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.લઘુત્તમ વેતન કરતા ઘણો ઓછો છે. તમામ આઉટસોર્સિંગના કર્મચારીઓ તેમની સમકક્ષતાના કાયમી કર્મચારીઓ જેટલું જ અથવા અમુક કિસ્સાઓમાં તેમનાથી વધારે કામકાજ કરતા હોય છે.ઓછું વેતન આપીને રોજગારી આપવામાં આવે છે.છેલ્લા કેટલાક વર્ષોથી પગાર વધારો કર્યો નથી તેમજ મહિનાના દિવસોમાં રજા કાપીને પગાર કર્મચારીઓને આપવામાં આવે છે.એજન્સી ધ્વારા કર્મચારીઓને પગાર પેટે માત્ર રૂ. ૭૬૦૦/- ચુકવવામાં આવે છે. જીવન જરૂરિયાત વિવિધ ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. મોંઘવારી રોજ-બરોજ વધતા કર્મચારીઓને પરિવારનું જીવન નિર્વાહ ચલાવવું મુશ્કેલ બની ગયું છે.જન સેવા કેન્દ્રોમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને હાલના સમય દરમિયાન માંડ - માંડ રૂ. ૪,૫૦૦/- અને ૭૨૧૨ ના ઉતારા કાઠતા ઓપરેટરને રૂ. ૪,૦૦૦/- રૂપિયા પગાર મળે છે પરંતુ દુઃખનીય બાબત એ છે કે , છેલ્લા ૫ થી ૮ મહિનાઓ સુધી પગાર આપવામાં વિલંબ થઈ રહ્યો છે. ભારત સરકાર અને ગુજરાત રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય તરફથી પણ લઘુત્તમ વેતન મુજબ પગાર ચુકવવાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે તે મુજબ કંપનીઓમાં કામકાજ કરતા મજુરોને પણ લઘુત્તમ વેતન મુજબ પગાર મળતો હોય છે.સરકારી કચેરીઓમાં સતત કામકાજ કરતા આઉટસોર્સિંગના કર્મચારીઓને કેમ લઘુત્તમ વેતન ધારા પ્રમાણે પગાર ચુકવવામાં આવતો નથી ? આઉટસોર્સિંગના કર્મચારીઓનો સત્વરે પગાર વધારવો અને ન્યાયિક રજુઆતોને ધ્યાનમાં રાખીને આઉટસોર્સિંગના તમામ કર્મચારીઓને અન્યાય દુર કરીને ન્યાય આપવા સંદર્ભે લેખિત પત્ર મારફતે આવેદનપત્ર ભિલોડા મામલતદારને અપાયું હતું.

# અરવલ્લી આરોગ્ય અધિકારીનો ભ્રષ્ટાચાર, તપાસ આટોપાઈ ગઈ હોવાની ગરમાગરમ ચર્ચા

### તપાસ માટે આવેલી ટીમ રવાના...!!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારીએ અનહદ ભ્રષ્ટાચાર આદર્યા હોવાના જિલ્લા પંચાયત પ્રમુખના ગંભીર આક્ષેપ પછી રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તપાસ શરુ કરવામાં આવી પરંતુ ગણતરીના કલાકોમાં તપાસ આટોપાઈ ગયાની ગરમાગરમ ચર્ચા છે. જે રીતે ભાજપના પદાધિકારીએ આરોગ્ય અધિકારી સામે ગંભીર આરોપ લગાવ્યા હોવાથી તપાસ દરમ્યાન અનેકના પગ નીચે રેલો આવવાની સંભાવના પ્રબળ હતી પરંતુ એકાએક તપાસનું ઉલાળીયું થતાં અનેક પ્રકારની અટકળો શરુ થઈ ગઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોના દરમ્યાન અનેક ડક્ટરો દર્દીની સારવાર કરીને જીવ બચાવતાં સાક્ષાત ભગવાન હોય તેવો આભાર દર્દીના સગાએ માન્યો હતો અને બીજી તરફ જિલ્લામાં રેમડેસિવર સહિતની દવાઓનું બેફામ કાળા બજાર થતાં માનવતા નેવે મૂકાયાના લોક આરોપ લાગ્યા હતા. અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારી આર.જી શ્રીમાળીએ કોરોના સમય દરમ્યાન ખરીદ કરેલી સામગ્રી, રેમડેસિવર ઈંજેશનની ફાળવણી તેમજ આઉટ સોર્સિંગ કર્મચારીઓની ભરતીમાં ભ્રષ્ટાચાર કર્યાની લેખિત ફરિયાદ અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણે સરકાર સમક્ષ કર્યા પછી ગત રોજ આરોગ્ય વિભાગના નાયબ નિયામક સહિત મદદનીશ નિયામકની ટીમે તપાસ હાથ ધરતાં ગાંધીનગર સુધી તેના આંચકા જોવા મળ્યા પરંતુ પછી એવું શું બન્યું કે એકાએક તપાસ સમેટી લેવામાં આવી. તપાસ દરમ્યાન અધિકારીઓને તમામ ગંભીર બાબતોના પુરાવા મળ્યા છે કે પછી આમાં પણ અગાઉ થયેલી તપાસની જેમ ફીડલું વળશે..??

**બીજા દિવસે પણ પ્રમુખનું નિવેદન નોંધાયું નથી**

જિલ્લા આરોગ્ય અધિકારી સામે ભ્રષ્ટાચારના ગંભીર આરોપ સાથે સરકારમાં લેખિત રજૂઆત કરનાર જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૈહાણનું તપાસ ટીમોએ બીજા દિવસે પણ નિવેદન ન નોંધતાં અનેક અટકળો થઈ છે. જ્યારે તપાસ ટીમ જિલ્લા પંચાયતમાંથી રવાના થઈ ગયાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૬ મહિનામાં હવામાં પ્રદૂષણ ફેલાવતા પર ઔદ્યોગિક એકમોને નોટિસ

### નાના એકમો તંત્રની ઝપટે ચયા, મોટા ઔદ્યોગિક એકમો તરફ કુણું વલણ : મોડાસા, ધનસુરા પોલીસ સ્ટેશનની હદમાં ઔદ્યોગિક કચરો ઠાલવનારાઓ સામે ફરિયાદો નોંધાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૨૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હવામાં પ્રદૂષણ ફેલાવતા પર ઔદ્યોગિક એકમોને નોટિસ આપવામાં આવી છે. ૬ મહિનાની પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરીમાં માત્ર નાના એકમાં

તંત્રની ઝપટમાં ચડ્યા છે પરંતુ મોટા ઔદ્યોગિક એકમો તરફ તંત્રનું કુણું વલણ હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. સાબરકાંઠામાં મોટા કહી શકાય તેવા ઔદ્યોગિક એકમોના બદલે નાના ૪૨ ઔદ્યોગિક એકમોને નોટિસ આપવામાં આવી છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં ૧૦ એકમોને હવામાં પ્રદૂષણ બદલ નોટિસ આપી પ્રદૂષણ ફેલાતું અટકાવા સૂચના આપવામાં આવી છે. જ્યારે ઔદ્યોગિક કચરો ઠાલવનારાઓ સામે હરકતમાં આવેલા તંત્રએ મોડાસા અને ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવાની શરુઆત કરી છે.

છેલ્લા કેટલાક સમયથી હવામાં પ્રદૂષણની માત્રા વધી છે. ધુમાડો આંકતાં વાહનોથી થતું પ્રદૂષણ અટકાવવા અગાઉ પી.યુ.સી.નું ગતકડું શરુ કરવામાં આવ્યા પછી પણ અનેક વાહનો રોડ ઉપર ધુમાડાના ગોટેગોટા આંકતાં ફરી રહ્યાં છે. જ્યારે ચીમની વગરના ઈંટવાડાની સંખ્યામાં વધારો થવાથી હવા તો ઠીક પરંતુ ખેતરમાં ઉભા પાકને અસર થવા લાગી છે. ખાસ કરીને ક્વોરી ઉદ્યોગ નજીકના ગામોમાં હવામાં ઉડતા રજકણોથી પર્યાવરણ સામે જોખમ ઉભું થયું છે. બંને જિલ્લામાં પ્રદૂષણ ઉપર નિયંત્રણ રાખવા માટે કચેરી કાર્યરત હોવા છતાં હંમેશને માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી ચર્ચાસ્પદ રહેતી આવી છે. હમણાંથી તંત્રમાં થોડોઘણો સુધાર આવ્યો હોય તેમ મોડાસા અને ધનસુરા પોલીસ સ્ટેશનની હદમાં માનવ, જળ, હવા અને અન્ય જીવ સૃષ્ટીને જોખમ પહોંચાડે તેવાં ઔદ્યોગિક એકમોનાં કચરો ઠાલવનારાઓ સામે પોલીસ ફરિયાદ આપવાની શરુઆત થઈ છે. છેલ્લા ૬ મહિનામાં બોર્ડની કામગીરી ઉપર નજર કરીએ તો સાબરકાંઠા જિલ્લામાં હવામાં પ્રદૂષણ ફેલાવનારા ૪૨ અને અરવલ્લી જિલ્લામાં ૧૦ એકમોને તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી છે. નોટિસ આપ્યા પછી બોર્ડના અધિકારીઓ દ્વારા એકમમાં થયેલ કામગીરીનો ચિતાર આપવા માટે તેના ફોટા સહિતની વિગતો ગાંધીનગરની વડી કચેરીને મોકલવામાં આવી છે. છેલ્લા કેટલાય સમયથી બંને જિલ્લામાં હવામાં પ્રદૂષણનું જોખમ વધી રહ્યું છે ત્યારે તંત્ર મોટા ઔદ્યોગિક એકમો સામે પણ લાલ આંખ કરે તે જરૂરી બન્યું છે.

**જિલ્લામાં મોટા ઔદ્યોગિક એકમો નથી - પ્રાદેશિક પ્રદૂષણ અધિકારી**

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હવામાં પ્રદૂષણ ફેલાવા બદલ ૬ મહિનામાં પર નાના ઔદ્યોગિક એકમોને નોટિસ આપવામાં આવી છે. જિલ્લા પ્રાદેશિક અધિકારી આર.આર.કનોજીયાએ જણાવ્યું કે જિલ્લામાં કચેરી દ્વારા ઔદ્યોગિક એકમોમાં રુટીન તપાસ થતી હોય છે. બંને જિલ્લામાં કોઈ મોટા ઔદ્યોગિક એકમો નથી જેથી જે કોઈ નિયમ ભંગ કરતા એકમાં જણાઈ આવ્યા છે તેવા નાના એકમોને નોટિસ આપવામાં આવી છે.

# પ્રાંતિજના સૈજવીકપુરા ગામેથી રૂા. ૨૩,૮૦૦નો ગાંજાનો જથ્થો જિલ્લા એસ.ઓ.જી.પોલીસે ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સૈજવિકપુર ગામેથી બાતમી ના આધારે જિલ્લા એસ.ઓ.જી પોલીસે ૨૩,૮૦૦ નો ગાંજા ના જથ્થા સાથે એક ઈસમ ને ઝડપી પાડયો તો અન્ય એક ઈસમ સામે પણ ગુનોનોધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી

પ્રાંતિજ ના સૈજવિકપુર ખાતે રહેતા રણજીતસિંહ બાલુસિંહ રાઠોડ કે પોતાના મકાનમા ગેરકાયદેસર ગાંજાનુ વેચાણ કરતા હોવાનુ જિલ્લા એસ.ઓ.જી ને બાતમી મળી હતી અને બાતમી ને લઈ ને એન.ડી.પી.એસ એક્ટ કલમ-૪૨ મુજબ આ અંગેની જાણ ઉપલા અધિકારીઓને કરી ગુપ્ત રીપોર્ટ તૈયાર કરી ને મળેલ ખાનગી બાતમી ના આધારે અધિકારીઓની ટીમ બનાવીને એસ.ઓ.જી.સાબરકાંઠા પોલીસ ઈન્સ્પેક્ટર પી.એલ.વાઘેલા દ્વારા પ્રાંતિજ ના દલપુર પાસે આવેલ સૈજવિકપુરા ગામે રહેતા રણજીતસિંહ બાલુસિંહ રાઠોડ ઉ.વર્ષ-૫૫ ના ઘરે રેડ કરી ઘરમા જઈ તપાસ કરતા ઘરમાથી ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાનો ૨ કિલો ૩૮૦ ગ્રામ જેની આંતરરાષ્ટ્રીય કિંમત-૨૩,૮૦૦ તથા બે મોબાઈલ જેની કિંમત ૬૦૦૦ મળી તથા ગાંજો તોલવા માટે રહેત તાજવુ તથા લોખંડ ના બાટ મળી કુલ ૨૯,૮૦૦ નો મુદામાલ ઝડપી પાડયો હતો અને વધુ પુછપરછ કરતા રમેશભાઈ નામનો શામળાજી બાજુનો આદિવાસી માણસ બન્ને વિરૂધ્ધ જિલ્લા એસ.ઓ.જી સાબરકાંઠા પોલીસ ઈન્સ્પેક્ટર પી.એલ.વાઘેલા દ્વારા ગુનોનોધી આગળ ની તપાસ હાથધરી હતી જયારે એક ઓ.જી સાબરકાંઠા ને ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાના જથ્થા ને પકડી પાડવામા સફળતા મળી હતી.

# પરિવાર ઘસઘસાટ ઉંઘતો રહ્યોને તસ્કરો ત્રાટક્યા : ભિલોડાના નાપડા ખાલસા ગામે તસ્કરો બે ઘરમાં ત્રાટકી ૧૨ લાખના મુદ્દામાલની ચોરી કરી

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ગેંગ અને તસ્કરો સક્રીય થતા ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોડાસાના ટિંટિસર ગામમાં તસ્કરો ત્રાટક્યા પછી શામળાજી નજીક આવેલા નાપડાખાલસા ગામે બે પરિવારો ઘર બહાર ઉંઘી રહ્યા હતા ને તસ્કરો ત્રાટકી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી ૧૨ લાખ રૂપિયાના મુદ્દામાલની ધીંગી ખેપ મારી રફુચક્કર થઈ જતા પરિવાર પર આભ તૂટી પડી હતું

નાપડાખાલસા ગામે લાખ્ખો રૂપિયાની ચોરીની ઘટનાના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી અજાણ્યા ચોર ઈસમો સામે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી